માત તાત ભ્રાત હેત દેખાડે લાગ્યા માયામેં ફશાયામે.

ઝુલ

બાળપણે રમકડામે મન મોયા,
સગા સંબંધી શબકુ પરખના હોયા;
અજ્ઞાનપણુાશે હરી નામકું ખોયા,
આઇ જુવાનીકા જોર હે જાદા, જેશા નદીકા પુર વહા. માકે. ૨
જયું ઉંદરડે દારૂ પીધોયુ નીશ દીન રહેવે ડોલતા,
પર ધન પર ત્રીય કારણુ એશે બોલે બનાવટ બોલતા;
કરમ હીણુ ફીરે દેશ વીદેશે થકયા કાયા શબ રોળતા,
મોહ માયામે ગયે લપટાઇ હરી નામ રહા નહી ખોળતા.

ઝુલ

મેરા મેરા કર મંમતમે મરજાશે,
કામ ક્રોધ મોહ લોભ મત્શરમે ગુંથાશે;
નવરા રહે તે લલના કે ગુણ ગાશે.

અમ્રત ફૂળ હરી ભજન તજકે, વીશકા પ્યાલા કયું પીતા થયા માકે. ૩
માત પીતા સુત બંધવ મેહેરી, લીપટ ગયા સંસારમે,
મેડી માલ ખજાના મંદીર રહે ધરા જાયગા પલ વારમે;
શુપનાવત શબ ગઇ જુવાની, ગીરા માયા ઘોર અંધારમે,
નારાયણ નામ મુખસે જપ્યા નહી, પોંચે કયું તેજ અંબારમે;

ઝુલ

કાયા કાચકા કુપા ઓ ફુટ જાઇંગે,
જયું ફુલ ખીલે શો આપશે કરમાઇંગે;
ઉશકા ભરોસા કરનેમે નહી આઇંગે,

ઉશકા અપંનને બીચાર કીયા નહી, ક્રસ્ન નામ મુખ નહી દીયા માકે. ૪
જીરણ કાયા શક્તિ કમી થઇ, જીવ હુવા ઓત વળવળતા,
ઓરત બેટા કહા ન માને, ઓ દુખશે બડા કળકળતા;
બુઢ્ઢા કે ડાળા ખુણે ખાટલા, કીશીકી સાથ નહી હલમળતા,
જોર દરદ હુવા ભાન ગયા શબ, નેનકા ડોલા શેજ પલપલતા.

ઝુલ

ઊશ બખત સગે શબ ભેગા ઉવા ઝટવારે,
શબ અપને અપને સ્વારથમે તૈયારે;
કયા રખા હે ઉનકા માલ ઓ ઢુંઢતા તારે,

મધમાખીકા પુડા લુટાયા, જીવકુ જમડા લઇ ગયા માકે. ૫

ધરમરાયને ખાતા દેખા, કીયા તપાસ ખોત ખોટમે.
ઓ પાપીને અધર્મ કીયાહે, કચરો લોહકી ચોટમે;
ખુમ બરાડા પાડે અતીશે, સગા ન આવે કોઉ ઓટમે,
ભોગવતા તો આપે એકલા હરી ભકતીકી ખોટમે.

ઝુલ

નરક કુંડ ભોગવતા એકલા આપે,
ઉપરશે ઉનકું જમકે દુત સંતાપે;
ઉશકા ઉનકુ લગે ખોત અહાપે.
ફીર લખ ચોરાશીમે ડાલે, જન્મ મરણ દુખ જારી રહયા માકે. ૬
પશુ પંખીકા દેહ મીલાયા, રહા તીન જ્ઞાનકી ખટપટમે,
એશા જંતુ કીયા અનેક દેહમે, ફશા અગલા પાપકી ગટપટમે;
કરૂણા નીધીને દયા કીયા હે, મનુષ્ય દેહ દીયા ઝટપટમે,
ફીરભી ઉનકા ભજન કીયા નહી, લગા મોહ જાલકી સટપટમે.

ઝુલ.

ઓ દુઃખ કેતો કભી અંત ન આવે,
દીલ શાફ રખે ઓર સત શંગતમે જાવે;
કોઇ મીલે શત ગુરૂતો પુરા જ્ઞાન બતાવે,
આવાગવન કા ફેરા મીટાવે જો રાધા કરનકા નામ લયા. માકે. ૭
કામી ક્રોધી લોભી લંપટ એશા ગુરૂ કોઇ મત કરના;
પર ધન તાકે પરસ્ત્રી રાખે એશા શંતકું પરહરના;
સચે શંતકા શરણા લેના બચન ઉશીકા દીલ ધરના.
મોહ માયાકી બેડી તુટ જાય જાય રહે હરી ચરના.

ઝુલણા.

દયા ધરમ જીવ જાન જાન કે અપના,
શત પાલના હરી કૃસ્ન નામ જપના
હરકીશનને કીયા છંદ એ હપના,
ભુલ ચુક કાઇ આવે નજરે માફ કરકે તુમ રખો મયા માકે. ૮

છંદ. ૧૭.

મુની મારકંડ બાળપણામાં શેવ્યા ગુરૂ બહુ કરી જતન
ગુરૂ હુકમને તાબે થઇને ભણ્યા શાસ્ત્રો શુધ રાખી મન;
નઇસ્ટીક બ્રહ્મચારી થયા આપે કરયું વેદનુ વેદાધ્યયન,
બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીજ શેવે શરીરમા મધુ શુંદન;
પુસ્પભદ્રા નદીને તીરે કરે તપ, જ્ઞાની મુનીજન,
નરનારાયણ આપે આવ્યા ભકતી ધર્મના એ છે તંન,
માંગો વરદાન કહે નારાયણ તમ ઉપર હું છઉ પરશંન. ગુરૂ. ૧
મુની મારકંડ ઉભા થઇને બેઉ કર જોડીને નમીયા,
વીધી શહીત પુંજા ત્યા કીધી નારાયણને મન ગમીઆ;
કરી સ્તુતી મુનીજી બોલ્યા માયાયે સૌને દમીયા,
જોગી મુની શંન્યાશી દેવો તમ માયામા સૌ ભમીયા;
ત્રીગુણ માયા તમ તણી તે, દેખાડો કહુ કરી નમન ગુરૂ. ૨
તથાસ્તુ કહી ગયા નારાયણ, બદ્રીકાશ્રમ જઇ ઠરીયા,
મુની મારકંડ નીજ શરીરમાં, શેવે હરી આનંદ ભરીયા;
પુસ્પાભદ્રા નદી તીરે એક દીવસ મુની આશ્રમ કરીયા,
વરસ્યો મેઘ અણચીંતો આવી, ત્રણે લોક ડુબી મરીયા;
શેશ રહયા છે મુની મારકંડ, જલમાં કરવા લાગ્યા ભ્રમણ ગુરૂ. ૩

અનંત વર્ષ ગયા જળમાં ભમતા મુની દુખથી થઇ રહ્યા દલગીર,
ભમતા ભમતા દીઠી ટેકરી, તેપર શોભે વડ ગભીર;
તે વડના પત્રની ઉપર પોઢ્યુ બાલક શામ શરીર,
બેહુ કર ઝાલી ચરણ અંગુઠો ચુશે મુખમાં રાખી ધીર;
હળવે હળવે પાસે આવ્યા મુની કરતા હરી શમરન. ગુરૂ. ૪
ખેચ્યો બાળકે શ્વાસ મચ્છર સમ મુની ગયા ઉદરની માંહે
આદ થકી તે અંત લગીનું સર્વ જગત જોયું છે ત્યાય;
સ્વર્ગ મૃત્યુ પાતાળ સમુદ્ર ગામ ઠામ જોયા મુનીરાય,
નદી હીમાલય આદે જોયા જોયું આશ્રમ બેઠાતા જ્યાંય
પાછે શ્વાસે બાહાર ફેંકયા બાળકે માહા જલમાં પડીયા રૂશીજન ગુરૂ. ૫
ઝાહાડ વડનું જોયું જળમાં પત્રપર રહ્યું બાળ ચલક,
તેજ બાળક દીઠું રૂદીયામાં સુરજ સમ તે રહ્યું ઝલક;
કરી સ્તુતિ મુની મારકંડે ત્રીગુણ માયાથી તમે રચી ખલક,
પ્રબળ માયા તમ તણી તે આખું જગત કરી ગઇ ગલક;
સદા હરી સેવી રહ્યા મારકંડ શંક્ષેપમાં કહ્યું હરકીશન ગુરૂ. ૬

છંદ. ૧૮.

ગૌ લોક પતી શ્રી ક્રસ્ન રાધાવર અખીલ બ્રહ્માંડના એક આધાર,
રાણી રાધીકા આદી માયા શેવે ચરણ કરી પ્રેમ અપાર;
રાણી રાધીકા રંગ મેહેલમે ધ્યાન સ્વામીનું ધરી બેઠા જ્યાંહે,
આવી દાશી કરવા છાની વાત જે હતી દીલની માંહે;
બોલી કરગરી ગદગદ કંઠે દીઠા મારગમાં શ્રી ક્રસ્નરાયે,
સાથે ગોવાલો લક્ષ લઇને તારી શોક વૃજા તેને મંદીર જાયે;

શેર

શેરીએ જાતા દીઠા નજરે પાઘ કશુંબળ પેરકર

કેશરીયા જામા પેરયા છે ધરયા મોર મુગટ શીરપર;
પીતાંબરની પલવટવાળી શાલ દોશાલા ઓઢકર,
મળ્યા સામા મુને વાટમાં ગયા તારી શોક વ્રજાનાગર;

ગજલ

ગજરા હાર ગુંથી હાથે ગયા જગતપતી
અતર શીશી લીધી સાથે પ્રેમે તુજપતી; ૫
વાહલી દીશે તુજથી ફરી કંથની મતી.
લાજ ન રાખી તારી કાંઇ હવે શી થાશે ગતી.

લાવણી.

સુણી દાશીના વચન રાધા ઘણું કોપી,
મુને ગયા મેહલીને સ્યામ લજયા મારી લોપી;
જઇ ઝીતું શોક લાવું પકડી કલેજે રહી ખોંપી,
કરયું પોણ રાધાએ તઇયાર કરી શઉ ગોપી;
માન ઉતારૂં મોહન વરનું ક્રોધે નેણામાંથી જાણે વરશે અંગાર
રાણી. ૧

રત્ન જડીત પેરયા આભ્રણ અંગે ચીર પેરયા જેનું નવ
થાય મુલ,

શકતી રાશેશ્વરી માહા સ્વરૂપવાન કોટી સૂરજ જેના નખની તુળ
રત્ન મણીમય રથ જોતરો હીરા મોતીની શોભે ફરતી ઝુળ,
ચાલીશ ગાઉનો વીસ્તાર હેવો ઝલકી રહો સૂરજ શમતુળ;

શેર

રથમાં બેઠા રાધીકા રીસમાં સંગ લીધા ગોપી ત્રણ કરોડ

હાહાકાર થયો ગૌલોકમાં જીતવા વ્રજા કૃષ્ણની જોડ;
પોણુ માહરૂં પુરૂં કરૂં જઇ જાતે ભુલાવી દઉં બંને જણની ખોડ
ઝાલો બાંધો કહે ઝડપથી ક્રોધે રાધાજી બોલ્યા કરી તોડ.

ગઝલ.

ગોપી રાધીકા જુથ મલ્યું જીતવા વ્રજા મોરારી,
ગોવાળ ચોકીદારોએ અટકાવી સઉ નારી;
રાધા હુકમથી ગોપીયોએ જુધ મચાવ્યું ભારી,
સંખ્યા મોટી ગોપીની તેથી ગોવાળ ગયા હારી;

લાવણી.

થઇ ખબર વૃજાને માહારી ગતી શી થાશે,
દુખ દેશે મુજને તે મારાથી કેમ ખમાશે;
ઘેરો નાંખ્યો છે ચારે પાસ કેમ નસાશે,
કંપી કાયા ચડી છે ધ્રુજારી થઇ નીરાશે;
બીકની મારી વ્રજા નદી થઇ ગઇ ચાલ્યુ પુર ન લાગી વાર,
રાણી ૨
ગોપી રાધીકા વૃજાના મેલમાં ઝાલો બાંધો હેવો કરી પોકાર,
ક્રોધે ભરેલા રાધીકા તેથી અંતરધ્યાન થયા દેવ મોરાર;
ગોપી રાધીકા ફરી વળ્યા મેલમાં નીર થઇ જાણ્યું વૃજાનાર,
અચરજ પામ્યા ગોપી રાધીકા શુના મેલમાં ન મલ્યા ભરથાર,

શેર.

રાધીકા ગયા ઘેર પાછા મેલ્યા વસ્ત્ર શણગાર ઉતાર કર,
ફાટી કંથા ઉર ધરી સુતા ભુમી પલંગને દુર કર;

વૃજાતીર પ્રગટયા શ્રી હરી હું ઘણો પ્રશન છઉં તુજપર
મારે કાજે આવી ગતી તારી થઇ આવ નવજોબન થઇ નવ
રાખીશ ડર.

ગજલ.

આવી વૃજા થઇ જોબનવંતી પ્રભુ કહું પાયે પડી,
હું દાશીછું તમ ચરણુ શેવું મા વીશારજો ઘડી,
વચન સુણી વ્રજાના હેતે તુંને રાધીકા બહુ નડી,
મ્હેલે રહો હુ આજથી તાહારે રાધા ફરી નહી આવે ચડી.

લાવણી.

રશીક સુંદર વર શાથે વૃજાને રમતા,
પુત્ર થયા છે શાત અતી મન ગમતા;
રડયો પુત્ર નાનો દયા કરી વૃજાકે રાખ શમતા,
દયા કરેથી રીશાયા નાથ રયા ટમ ટમતા
દયા કરેથી વૃજા નાથ રીશાયા થાજે તું પુત્ર સમુદર ખાર. રાણી. ૩
વ્રજાના મહેલથી નીકળી શ્રીપતી સીદામ ગોપને શાથે લઇ,
આવ્યા રાધા દ્વારે વીશ્વપતી કરયો અટકાવ દાશીએ તહી,
માંય ગયાનુ કામ નહી સ્યામ રીશે કોપી રહા મંદીર માહી;
કુસુમ શેજ્યા ત્યાગ કરી છે. લોટે રાધીકા ધરણીપર જઇ.

શેર.

રૂદન કરે ઘણુ રાધીકા નેણામા વરશે અશાડી મેહજી,
દુખનોપાર આવે નહીં આવે શમુદર પારનો છેહજી;

ઉદયા રાધીકા હરી આવ્યાની ખબર જાણી ક્રોધે કંપી રહ્યા છે
દેહજી,
માહા જાજ્વલમાન થયા આદી માયા જાણે તુટશે સ્વામી શું; સ્નેહજી

ગજલ.

જા લંપટ દાશીના વાળા એમ બોલ્યા રાધા તપી,
કપટી નીર્લજનુ કામ નહીં રહે વ્રજમા લપી;
વ્રજ મ્હેલ શોધવા ગઈ ત્યારે કયાં રહ્યા છપી,
કાહાડી મેલો એ લંપટને એથી જરા નહીં જપી.

લાવણી.

કહે દાશી જાવો રાવાચડયા ઘણુ ક્રોપે,
એક કહે કરી માનીતી તે લજ્યા લોપે;
એક કહે લાગો હેને પાય ન બોલે ચડી ચોપે,
એક કહે કરો હેની શેવા તો જોડી તમ ઓપે;
એમ ગોપીયો જુદી જુદી વાત કહે તે સાંભલી રહ્યા છે વીશ્વા
ધાર. રાણી. ૪
પાછા આવી રાધા બોલ્યા રીશમાં ક્રોધે રાતા ચટક થયા નેણ,
વ્રજ કાંતા નાથ વ્રુજાના કેમ મેલી આવ્યો દાશી
કોણે કાવ્યુ કેણ,
વ્રજ નદી થઇ તું પણ નદથાને કરજો મશલત બેઉ દીનને રેણ;
અઘટીત શબ્દો મુખથી ઓચરે નહી બોલાય હેવા બોલે વેણ.

શેર.

એકસું ઘાતને એકશું પ્રીત કયાથી શીખ્યો મનુષ્યની રીતજી,

મનુષ્ય જોની થાજો શામળા હેવો શ્રાપ દીધો રાધાએ એ થયું
અનીતજી.
દાશી વૃજાને શાથે લેજે દાઝ હઇયાની ટાળી રમશે નીતજી,
કૃષ્ણ ત્યાંથી ચાલી નીકલા શહી ન શક્યો શોદામ થયો ભય
ભીતજી.

ગજલ.

કોપ્યો શીદામ કહે રાધાને કેમ વાણી બોલ્યા ખોટી.
મુજ સ્વામી ઘેર પાણી ભરે તુજ જેવી કોટાન કોટી;
ક્રોધ કરી રાધા કહે કાહાડો હેને પકડી પાંગોટી,
માનું ભુંડું બોલે બાપનું શારૂ જાણે નાખું ચપોટી;

લાવણી.

કહે રાધા હમો વચમાં તું બોલ્યો શું કરવા.
તુ થજે દઇત્ય દીધો શ્રાપ લાગ્યો થર થરવા,
કહે શીદામ રાધા મદ ભરી ન રાખે પરવા;
થા મનુશયોની ક્ષુદ્રનાર વચન બોલ્યો વરવા,
રડતો કકળતો આવ્યો કૃષ્ણની પાશે બન્યો બનાવ
તેનો કહો વીસ્તાર. રાણી. ૫

કહે શીદામ શીગતી માહારી હુતો કુટાઇ ગયો અનાથ,
સ્યામ કહે છે. શોક તુમાંકર શો વરશ કેડે આંહામલીશ તુજ શાથ
છબી હરીની અંતર ધારી ચાલ્યો શીદામ શામુ મળી રાધા
માત
હઇયામાં ઘાલી મલી બહુ પ્રીતે ક્યાં જાય છે પુત્ર એમ પુછે વાત

શેર.

શીદામે વાત કહી શમજાવી રાધા મોહન પાશે આવી ઉભી રહી,
હે નાથ હે નાથ કહીને પોકારી ભુલી તમારી દાશી આવી
હાજર થઇ;
શીશ નામી પડી ચરણુ શુધ બુધ શોક ભુલી ગઇ,
પ્રકંમા કરી પાએ લાગી કરો દયા કરગરી માફ માગું અહી.

ગજલ

દયા કરી શ્રી કૃષ્ણ કહે તમે શુણો રાધા પ્યારી,
મરજી માહારીથી જાઓ ગોકુળ થાઓ ભીખુ ભાંન દુલારી
વ્રજમા પ્રગટી પ્રથવીનો માહરે નાખવો ભાંર ઉતારી;
પ્રકમા કરી વર માંગી લીધો રાધાએ હું દાશી તમારી.

લાવણી.

રાધા બોલ્યા કરગરી શુણો સ્વામી માહારા,
જનમો જનમની થઇ રહુ દાશી મા વીશારજો પ્યારા;
નાથ ચરણમા રમજો મન. કહુ વારમવારા
ભ્રમર થઇને નીરંતર બસુ ન મેહેલુ ઘડી ન્યારા.
શુતા જાગતા નીત દરશણ દેજો અખંડ હેવા રેહેજો રૂપ
શાકાર. આદી. ૫

ગદ ગદ કંઠે કરગરી કરગરી કરે વીનતી ઘણું કરી નમન,
જાણી દાશી તમારી મા વીશારજો પાએ પડી હુ કહુ વચન;
ગુણ તમારા ને રૂપ તમારૂં તેમાં રેહેજો માહારૂ અખંડ ચીતવન,
ચરણ કમળની દેજો ભગતી કરગરીને હું કરૂ સ્તવન.

શેર.

સ્વામી શનમુખ રાધાજીએ મેહેલી દીધુ શઘલુ અભીમાનજી,
જોતા જોતામાં ઢલી પડયા ભુલ્યા દેહનું ભાનજી;
અખીલ બ્રહ્માંડના આધાર પોતે પુરશોતમ દેવકી શંતાનજી,
વૃજવાશી શુણો પ્રીત કરીએ ભકત વત્શળ ભગવાનજી.

ગજલ.

શાચી ભગ્તી શત્યને વશ થઇ રહાં હરી,
હીરણા કશપ મારી રક્ષા પ્રેળાદની કરી,
ભગ્ત વીભીક્ષણ રાવણુ મારી કીધો લંકેસ્વરી;
શતી દ્રૌપદીની રક્ષા કરી ગયા પાંડવ પાંચ તરી.

લાવણી.

દ્યા ધરમ શતશંગતને આધારે,
શતગુરૂ વચન શુણે જ્ઞાન મલે અપારે;
શ્રી કૃષ્ણ લીલા સુણે ગાય નરને નારે,
બલી પાપ પ્રલ્લે થાય જાય મોક્ષને દુવારે,
હરકીશનદાશે ઉમંગ ધરીને શ્રમ લઇને છંદ કીધો તઇયાર. રાણી ૭

રૂક્ષ્મણી હરણ. છંદ ૧૯.

પરીબ્રહ્મ શ્રી કૃષ્ણ સ્વરૂપે અવતરીયા ધરી સ્યામ વરન,
આદી માયા રૂક્ષ્મણી અવતરીયા ભીમક ઘેર નગરી કૌડંન;
ભીમક રાયને પુત્ર પાંચ છે પુત્રી એક રૂક્ષ્મણી નામ,
મુળ માયા ઇચ્છા શકતી રચી રચના એણે દામો દામ;
શચ્ચીદાનંદ નારાયણુ આપે પરાત્પર કરે દેવના કામ,
મથુરામાં અવતાર લઇ કરી લીલા જઇને ગોકુલ ગામ;

રેક્તો

કંશ આદી દઇત્યોના લીધા ઘણા પ્રાણે,
કાળી દ્રહકી કાહાડો દાવાનળ કીધુ પાને;
ધરી ગીરી ઇંદ્રનુ ઉતારયુ અભીમાને,
ભુલ્યા વીરંચી હરયા વાછરૂ નવાં નીપજાવ્યા જુગજીવન, આદી. ૧
ભીમકરાયે કર્યો મનસુબો કન્યાવરવા જોગ થઇ,
આવ્યો બ્રાહ્મણ એક પ્રદેશી બોહયો રાય શું આશીશ દઇ;
ઘણા દેશમા ફરી વળ્યો છઉ કનકપુરી શમ કોઇ નહીં,
વશુદેવ દેવકી નંદન બીરાજે દ્વારકા નગરી ને મહી;

રેક્તો.

દેવ રૂશી મુની ધરે હેતુ ધ્યાને,
આદય અવીનાશી આપે ભગવાને;
હેનો મહીમા બ્રહ્મા સેશ શીવજી જાને,
હેવા અખંડાનંદ પ્રભુને આપી કન્યાને પાવો પ્રશન. આદી. ૨
સુણી વચન રૂશીના ભીમકે પુત્રી આપવાનો કરયો ઠરાવ,
રૂક્ષ્મણી મનથી વરી ચુકયા છે શ્યામસુંદર વર નટવર નાવ;
રૂખમઇયો જે મોટો પુત્ર કૃષ્ણ શાથે તેહેને વેરભાવ,
જાદવ કુલમાં કન્યા ન આપું હંકારમાં થઇ રહો ગરકાવ;

રેક્તો.

કુળ હીણ જાદવ નથી રાજનો અધીકારે,
બોહયો મદોનમત થઇ નહી જેહેને વીચારે;
કરયો વીવા શીશુપાલ શાથ ન લાગી વારે,
ખબર થઇ છે રૂક્ષ્મણીને કંપી કાયા ઘણું કરે રૂદન; આદી. ૩

શાંત થઇને રૂક્ષ્મણીયે નાથ બોલાવવાનો કરયો ઉપાયે,
તેડયો વીપ્ર એક શુદેવ નામે પત્ર લખીને આપ્યો તાહે;
જાઓ દુવારકા જલદી ભટજી આપજો જ્યાં ત્રીભોવન રાયે,
પત્ર લઇને શુદેવ ચાલ્યો આવ્યો દુવારકા નગરી માહે.

રેકતો.

આપ્યો પત્ર ખુશી થયા હરી વાંચી,
આવો વેહેલા રહો દીન એક કહુ સાચી;
તમ શેવા કરવા શદા મન રહુ રાચી,
જો નહી આવો પ્રાણ પીયારા તજુ દેહ કહુ સત્ય વચન; આદી. ૪

શુદેવ બ્રાહ્મણ શાથે લઇને ખેડયો રથ ન લાગી વાર,
કૌડનપુરના ઉપવનમાં જઇ કીધો ઉતારો જુગદાધાર,
શુદેવ કહે બાઇ આપો વધામણી તેડી લાવ્યો તુજ ભરથાર,
હળધર આદે જાદવ શેન્યા નીકળીયા બાંધી હથીયાર;

રેકતો.

હવે ચેદય દેશનો રાજા છે દમઘોશ,
પુત્ર શીશુપાળ પરણે ઘણી મન હોંશ;
રચ્યો મંડપ ચડાવી જાન વાજાની ઘોશ,
કૌડનપુરમા લઇ આવ્યો વર શીશુપાળ પોતાનો તંન. આદી. ૫
કૌડનપુરમા રચ્યો મંડપ કરયો સ્વયંવર ભભકાદાર,
પ્રીતે પીઠી કન્યાને ચડાવે ધોળ મંગળ ગાય ગીત અપાર;
રૂખમઇયે આપ્યો જાની વાશો થાય ભોજન ત્યા હારો હાર,
આગળ આગળ સૌ કરે રૂખ્મઇયો ભીમક રાયનુ ન ચાલે લગાર.

રેક્તો.

અંબા પુજ્યાની રીત લગનની પેહેલા.
અક્ષત કંકુ પુષ્પ આદે થાલમાં મેહેલા,
ચાલ્યા રૂક્ષ્મણી પુજા કરવા વેહેલા વેહેલા,
કરી ભાવશું પુજા અંબાની પાયે લાગ્યા ઘણુ કરી સ્તવન આદી. ૬
જરાશંન શાલવ વીદુરથ પુંડરીક દંતવક્ર ધરે શોક હંકાર,
શીશુપાલના પક્ષપાતી આવેલા જાનમા કરે વીચાર;
કૃષ્ણ કપટી છે હેતું જાણી કરો રક્ષા થઈ શઉ તઇયાર,
કન્યા હરણ ન થાય કદાપી આવે કૃષ્ણ તો મારવો માર;

રેક્તો.

રૂખમઇએ મેહેલી શેન્યા ઘણી બળવાને,
મેહેલી ફરતી ચોકી કહે રેહેજો શાવધાને;
આવે કૃષ્ણ આદ્દ તો મારજો માર આ સ્થાને,
આપ્યો હુકમ રૂખમઇએ શેન્યને મનમા થઇને રહ્યો છે મગન આ. ૭
કરી પુંજા અંબાની પ્રીતે ઘેર આવે છે રૂક્ષમણી,
ઉરવંશીથી અધીક રૂપ છે શેન્યા જોઇ રહી છે તેભણી;
શેન્યા પાછળથી હાથ લંબાવી કન્યા લીધી ત્રીભોવન ધણી,
રથમા બેશાડી લાવ્યા ઉપવન રાખી ટેક એ કન્યાતણી.

રેક્તો.

થયું હરણ કન્યાનુ જોધ્ધા કરે પોકારે,
ધાયા શીશુપાલના પક્ષપાતી અપારે;
મારી જાદવ લાવો કન્યા ન લાગે વારે,
ચડયુ કટક દળ શીશુપાલનું જાદવ શેન્યનું કરવા પતંન આદી. ૮

જાદવ શેન્યા શીશુપાલ શેન્યા શામશામી કરી રહા હલકાર,
અસ્ત્ર શસ્ત્ર છુટે એક એકપર વીજળી શમ મારે ચલકાર;
માર ખાઇ હટી જાદવ શેન્યા શીશુપાલ શેન્યાનો વર્‍યો જલકાર
પકડો બાંધો જાસો મારો શીશુપાલ કરી રહો લલકાર,

રેક્તો.

કહે રૂક્ષમણી હો નાથ હાવે શું થાશે,
બળીયા શીશુપાળ તમથી કેમ જીતાશે;
કરે રૂદન બહુ પોહોતી નહી મુજ આશે,
સુણી વચન બોલ્યા શ્રી કૃષ્ણજી શાંત રાખો તમારૂ મન આદી. ૯
જાદવ શેન્યા લઇ ચડીયા હલધર માર માર કરી રહ્યા ચોદીશ,
બાણ ગેડીને ગુપતી મારે કઇકના ખડગથી છેદ્યા શીશ;
કઇક હલ મુશલથી મુવા છે શારથી મારથી પાડે બહુ ચીશ,
શેન્યા નાઠું એમ શીશુપાલનું મારયા હળધરે કરી બહુ રીશ;

રેક્તો.

કહે જરાશન હવે આપણે નહી શરમાવુ,
હું એથી હારગો શતરવાર નહી લજાવુ;
હાલ કાળ હેવો છે નહી શામા આપણે થાવું,
શેશ રહેલું શેન્યા લઇને ગયા પાછા સઘળા રાજન;
આદી. ૧૦
જાણી વાતને રૂખમઇએ હારગો શીશુપાલ ગયો દેશ,
ક્ષોણી• શેન્યા લઇ લડવા શામો થયો તઇઆર બહુ આણી દવેશ;
શુરવીરનીજ શમુદાય શું રૂખમઇઓ બોલ્યો કરી ટેશ,
જીતી જાદવ ભગની ન લાવું તો નગ્ર માહી ન કરૂં પ્રવેશ.

રેકતો.

ક્રશ્ન છે કુલ હીણુ ગણે કોણુ પાત્ર,
હંમ બળીઆની સામું એ કોણુ માત્ર;
હરીભગની મારી હું ભાગીશ હેના ગાત્ર,
નારાયણુની નીંદા કરતો હંકાર ધરતો પોતાને મન. આદી. ૧૧
રથમાં બેશી આવ્યો રૂખમઇયો હાથ લીધા ધનુષને બાણુ,
મેલ્યા બાણુ તે ભાગ્યા હરીયે તેનું રથ સહીત કર્યું ભંગાણુ;
બીજા રથમાં બેશી મેલ્યા બાણુ તે પણુ છેદયા પુરૂષ પુરાણુ,
ત્રીજા રથે બેશી શક્તી મેલી તે રથ શકતી શહીત વાળ્યો ત્રાણુ;

રેકતો.

થઇ પાળો ખડગ લઇને હરી સામું ધાયો,
ખડગ કરયું ચુર રૂખમઇઆને શાયો;
છેદું રૂખમઇયાનું શીશ ક્રોધ ઘણો આયો,
જોઇ રૂક્ષમણી થરથર ધ્રુજે મારા ભાઇનું થાશે મરણુ. આદી. ૧૨

નીજ બાંધવનો થશે વધ જાણી બોલી બાળા રાખી ભય,
પુરૂષોતમને પાયે પડી કહે સ્વામી તમે છો કરૂણામય;
જગતપતી યોગેશ્વર ઇશ્વર રણુમાં તમને મળીયો જય,
વગર વીચારે લડે તમ સામું તેનો થાય તમ હસ્તે લય;

રેકતો.

ઘણા કર્યા રૂક્ષમણીએ કાલાવાલા,
તમ સાથ લડીને વેર કર્યા એણે ઠાલા;

હું માંગું વર ઉગારો દેવ દયાળા,
રૂખમઇયાને પટકુલે બાંધી રથ સાથે કીધો બંધન. આદી. ૧૩
વીરૂપ કીધો વીરને ખડગેથી અરધ શીરને મુછ દાઢી,
ખડગે મુંદન કીધું શાલકનું સેન્યા એની નાંખી વાઢી;
બીહામણું વીરૂપ જોઇ હશીયા; કરે હલધર મીઠી ટાઢી,
ભાઇ વપન કરયું શાલકનું ખોટું સગાઇ થઇ છે હાવે ગાઢી;

રેકતો.

કહે બલરામ શુણો સાધવી પ્રતીબોધ,
થયો વીરૂપ એ અમપર નહી કરવો ક્રોધ;
એણે કર્યો પ્રપંચ વકારી લાવ્યો સૌ જોધ,
અનેક પ્રકારનું ગ્નાન શાંભળી રૂક્ષ્મણીનું થયું શાંત વદંન. આદી. ૧૪
વીરૂપ બીહામણો રૂખમઇયો નીસ્તેજ થયો કરે ખેદ અતી,
અધો વદનમન લજ્યા પામ્યો અરે દૈવ થઇ કેવી ગતી;
જીત્યા વના ન જાઉં નગ્રમાં જ્યારે ફરે કરમની રતી,
વનમાં જઇને નગ્ર વસાવ્યું ભોજ કટક નગરી શોભતી;

રેકતો.

ત્યાં રૂખમઇયો રાજ કરે છે પ્રીતે,
જે અધર્મી હોય તેને બહુ બીતે;
સત સાચવજો સદગ્રહસ્થો શારી રીતે,
પ્રભુપદ પંકજ પ્રેમ ધરીને હરનીશ તમે કરજો ભજન. આદી. ૧૫
જાદવ સેન્યા શહીત ઉપડી આવ્યા શોરઠી સોમનાથ જે મોટું ધામ,
તેની પાસે ગામ એક છે મુલ માધવી ત્યાં કર્યો મુકામ;
તેનું છે ઓધાણ અદયાપી ત્યાં જઇ ઉતર્યા સુંદર સ્યામ,
ભીમક પ્રોહીત પુત્રો આદે આવ્યા તેડી જ્યાં છે બળરામ;

રેકતો

ભીમક કહે તમે માહારે નગ્ર પધારો,
કન્યા પરણાવી સફળ કરૂં જનમારો;
કહે હરી પરણાવો આ કામ છે સારો,
ભીમકરાયે કબુલ કરીને શુભ મુરત જોઇ લીધા લગન. આદી. ૧૬

દારૂક સારથી જઇ દુવારકા પુત્રો સ્ત્રીયોને તેડી લાવ્યા,
મુની મંડળ સગા સબંધી સાથ સરવે જલદી આવ્યા;
રચ્યો મંડપ શુસોભીત દીસે ભોજન થાય ત્યાં મન ભાવ્યા,
વેદ શાસ્ત્રની વીધી પ્રમાણે વર કન્યાને પરણાવ્યા;

રેકતો

અરશપરશ સ્ત્રીયો શઉ ગાએ ગીતે,
ભીમક રાયે પેરામણી આદે કરી રીતે;
મળી ભેટી શૌઉ વદાય થયા બહુ પ્રીતે,
ભીમક આવ્યો કૌંડનપુરમા ગયા દુવારકા મધુશુદન આદી. ૧૭

રાય ઉગ્રશેન વશુદેવ દેવકી શગા સંબંધી શઉ મલીયા
પોણ રાખ્યુ રૂક્મણીનુ શીશુપાળ પાછા વલીયા,
નીજ જનની રક્ષા કીધી શત્રુના હઇડા દળીયા;
ભક્ત વત્શલ દેવ દેવાધી ગુણ નહી જાય કળીયા,

નીત નીત ગુણ ગાય હરકીશનદાશે,
રાખો સેવક ઉપર મેહેર તમે અવીનાશે;
હોય ગુન્હા તે કરજો માફ માગુ તમ પાશે,
શાગર નીર શમ કૃષ્ણ ચરીત્ર શંક્ષેપમા કીધુ વરણન આદી. ૧૮

સુદામા ચરીત્ર છંદ ૨૦

વીપ્ર સુદામો પરમ પુજ્ય પાવંનરે આ વીપ્ર મીત્ર એ હરીનો દેહ
દુરબળ નીરધન,
વેદ વીત જ્ઞાની તપસી નહી હંકારીરે આ ભગતી વીશય વઇરાગ;
રહો ઉર ધારી
એણે માડયો છે ગ્રસ્તાશ્રમ પ્રતીવૃતા નારી થઇ પ્રજા નાના છે
બાલ આવી નાચારી,
કરગરી સ્ત્રી કહે સુણો સ્વામી વૃતાંતરે અન વસ્ત્ર વના કરે બાળ
ઘણું કલપાંત,
અંગે શુકાયા દાઝે તંન થશે કેમ શાંતરે જઇ મલો મીત્રને કહુ
સ્વામી શંધાત,
છે દાતાર દેવાધી દેવ દેવકી નંદનરે એ મીત્ર. ૨
દીન થઇ કહે શુ દામો હુ જાઉ દુવારકા ધામરે કેમ જાચુ કૃષ્ણને
નહી પોંચે માહારી હામ,
જઇએ રાજદુવારતો મુકે ભેટ થાય કામરે દલીદ્રીના ઘરમા નમળે
પુટી બદામ;
કરે ખેદ અતી દુખે થયું કલેજુ રૂધંનરે એ મીત્ર. ૩
લાવી અસ્ત્રી માંગીને તાંદુલ મુસ્ટીચારરે આપ્યા સ્વામીને હાથ ન
લાગીવાર,
લઇને આવ્યા દુવારકા બેઠા જ્યાં દેવ મોરારરે. પાશે લક્ષ્મી આદે
સ્ત્રીયો બેઠી છે અપાર
મલ્યા ભેટયા આવ્યા હર્શનાં આશુ લોચનરે. એ મીત્ર. ૪
પછી કરગ્રહીને શુખ શેજ્યાપર પધરાવ્યારે પાય પખાલી હરીના
નીર શીશે ચડાવ્યા.

અગર ચંદન કુંમકુંમ અંગલેપન શોહાવ્યારે ધુપ દીપ કીધું પુજન
ઘણું મન ભાવ્યાં;
વીધી વીધી શુંદામાને કરાવ્યા ભોજનરે. એ મીત્ર. ૫
તાંદુલ અરપ્યાને કર્યા છે ગઉદાનરે પછી શુખ શેજ્યા બેશાડયા
શ્રી ભગવાન,
હવે પુછે કુશળતા વીપ્રને થઇ શાવધાનરે કોહો મીત્ર શુખે આવ્યા
તમે આસ્થાને;
હું થયો કૃતાર્થ કરી તમારૂં દર્શનરે. એ મીત્ર હરી. ૬
જોઇ પ્રેમ હરીનો સ્ત્રીઓ સૌ વીસ્મે થાયરે ચૌદ ભુવનના નાથ
લાગે આને પાયે,
ખંડ વસ્ત્ર જીરણુ શંગ છીદ્રવાળા દેખાયરે મલીન અંગ છે દુરબળને
કેમ ચહાય;
અંગે વલી કરચલી હાડ કાસ્ટ દીપનરે. એ મીત્ર. ૭
હેવા વીપ્ર પુંજ્યા દેઇ માન બ્રમન્ય ભલા દેવરે વળી પટરાણી ગ્રહી
ચમર કરે બહુ શેવ
કોવીંજન કરે પ્રભુ ચાંપે પાય એ કેવી ટેવરે દલીદ્ર દુરબળ નીંદક
દેખી હશે તેવ
હાવા અબદુત પુજી થયા રમાપતી પરશનરે. એ મીત્ર. ૮
બાઇ શું શુકીત એ વીપ્રે કરેલું હોશેરે હેનું પાદોદક જળ શીશે
ચડાવ્યું હરી હોશે,
એના હાડચાંમનો જોયો નહી કાંઇ દોશરે આવો લજીત ભીક્ષુક
પ્રેમ કરી હરી પોશે;
મુખ મરડી વાતો કરે સ્ત્રીયો અન્યો અન્યરે. એ મીત્ર. ૯

તજી પલંગ પ્રેમદા ભુજ ભરી ભેટયા અંગરે કરતા પુરાતન કથા
મીત્રની શંગ,
આપી દક્ષણા ગુરૂને વળીયા આપણે ઉમંગરે પરણ્યા કે કુંવારા
દીશો છો મન ભંગ;
નથી ધન કામના અભીલાખ એ ભ્રાંતુજનરે એ મીત્ર ૧૦
આશાકતી વરજીત કેટલાક કરે ગ્રહ કાજરે નીરમળ મન વાસના રહીત
હોય મુની રાજ,
આચરે કર્મ વીત્રેક જથા શુણો આજરે, હુ પાણુ એ ધર્મ શુણો બ્રહ્મ રાજ
વીધાભ્યાસ આપણે કર્યો ગુરૂને ભોવનરે. એ મીત્ર. ૧૧
જે ગુરૂ જ્ઞાન ગ્રહે તરશેતે ભવપારરે, જાણે સર્વત્ર આતમાદ્વૈત્વ
ભાવ ન લગાર
પ્રથમ ગુરૂ માત પીતા આપ્યો અવતારરે, બીજો ગુરૂ જે શિખવે
વીદયા લોચન અપાર;
ગુરૂ જ્ઞાન દાતા જે નીશ્ચે જાણો મુને મનરે. એ મીત્ર. ૧૨
વરણ ચારમાં ચતુરાશ્રમમાં રેહેતોરે, તે મહા મુની ઉતમ જ્ઞાન
ઘણું તે ગ્રહેતો;
જેને ઉપજે એવી મત પંડીત જાણો તેતોરે, ગુરૂ જ્ઞાન રૂદે રહે
તરે ભવ સાગર તેતો;
ગુરૂ જ્ઞાન વધુચાર આશ્રમથી મુનીજનરે. એ મીત્ર. ૧૩
હું એક આત્મા સૌમાં તમે મુને જાણોરે, પણ હાર હૈયાનો ગુરૂ
ભક્ત પ્રમાણો;
શ્વર એકે ભણતા ગુરૂ મંદીર યાદ તમે આણોરે, ગુરૂ પત્ની બોલી
એક દીન કરી વખાણો;
જાઓ શિષ્ય બને તમે કાષ્ટ લેવાને વનરે. એ મીત્ર. ૧૪

ત્યાં ભુલા પડયા વન માંહે અકાળ વૃષ્ટિ થઇ છેરે, વાયો વાયુ લાગ્યો
ભય વીજળી ચમકી રહી છે;
થયો સુર્ય અસ્તનથી ધાર નીશા આવી ગઇછેરે, ઝાલ્યા હાથ કંપી
છે કાયા વેદના શહી છે;
નવ સુઝે વાટ ભમ્યા રાત ગાજે ઘણું ઘનરે. એ મીત્ર ૧૫

થયો ઉદય રવી ગુરૂએ લીધી સંભાળરે, ક્યાં ભુલા પડયા મારા
શિષ્ય એ નાના બાળ;
જીવ શાટે કર્યા ગુરૂ કામ તમે આકાળરે, શિષ્ય દુખી જોઇ થયા
દુખી ગુરૂ દયાળ;
ગુરૂ દક્ષણાથી જાદે દેહ કરી અર્પણરે. એ મીત્ર. ૧૬

અહો બાળક તમો બન્યો જાણ્યામે શ્રધાવાનરે, થયો પ્રશન્ન તમપર
થાજો તમારૂં કલ્યાણ;
મનના મનોરથ થાજો શફળ સત્ય કહું વાણરે, થાજો જય તમારો
દીધી આશીષ થઇ તુષ્ટમાન;
મુજ વીદ્યાએ થાજો જગમાં કીરતીવંનરે. એ મીત્ર. ૧૭

દઇ આશીષ ગુરૂ મંદીર તેડીને લાવ્યા કહે સુદામો ગુરૂ વેદ આદે
શીખાવ્યા
આમ સાથે દેવાધીદેવ સાથ ભણાવ્યારે; ગુરૂ કરે અનુગ્રહ સકળ
કાજ રહે ફાવ્યા;
દેપહાશી લોક જાણે જાણે એ વીટંબણરે. એ મીત્ર ૧૮

કૃષ્ણને જાણ્યું શુદામા આવ્યાનું કારણરે, લાવ્યા તાંદુલ કરવા ભેટ
હદયે ધરી ધારણ;
લજ્યા પામે છે મનમાં મીત્ર શરમનો મારણરે, હશી બોલ્યા હરજી

વીપ્ર છો જગતનું તારણ.
લાવ્યા ભેટ આપો મીત્ર પ્રેમે કરૂં હું પ્રશનરે. એ મીત્ર. ૧૯
આપે શુક્ષમ ભક્ત મુજ માનું હું કરી મોટુંરે પુસ્પ પત્ર ફળ
ધરે મુજ આગળ છોટું,
મોહોટું આપે અભક્ત તેને હું માનું ખોટુંરે અર્પે વીન હંકારે
આરોગુ પ્રેમ શોતુ;
હેતુ મીત્રની આગે કર્યું હરીયે વરણુનરે એ મીત્ર. ૨૦
સુણી પામ્યો લજ્યા વીપ્ર નીહાલે નીચું મુખરે રહ્યા તાંદુલ ચાંપી,
બગલમાં અંતર બહુ દુખ
અંતરજામી સર્વાત્મા કરવા વીપ્રને સુખરે ખેંચી લીધા તાંદુલ
જે હતાં મીત્રની કુખ;
આવ્યા અસ્ત્રીનો પેરયો યાચવાને એ ધનરે; એ મીત્ર. ૨૧
ન મળે કરે કસ્ટ આપું હેવી શંપતીરે થાય સુખ અત્યંત ભોગવે
ઘણું દંપતી
છોડી તાંદુળ ગાંઠડી છીદ્ર વસ્ત્રે દીપતીરે છે પાસ રૂક્ષમણી,
શકતી ઘણું ઓપતી;
એક મુસ્ટી ભરીને આરોગ્યા જુગજીવનરે એ મીત્ર. ૨૨
બીજી મુસ્ટી ભરી પ્રભુ આરોગવાને કાજરે ઝાલ્યો હાથ રૂક્ષમણી
ઘેલા થયા તમ આજ,
આપી વીશ્વની શંમ્રુધી બાકી નહી માહારાજરે એક હું રહી
બાકી આપશો તો જાશે લાજ,
ક્ષમા કરોને મુજપર વીશ્વના વંદનરે એ મીત્ર ૨૩
એક મુસ્ટી તાંદુલમા વીશ્વનો વઇભવ આપ્યોરે નીજ મીત્ર
જાણી પ્રભુ પોતાનો કરી થાપ્યો;

એ દલીદ્રી દુરબળ નીદીકને ન ઉથાપ્યોરે એવા ભીક્ષુક
મીત્રને રૂદીયા શું તમે ચાંપ્યો,
સુણી વાણી શકતીની થયા રાજી મધુસુદનરે એ મીત્ર. ૨૪

રહી ત્રણ રજની શુદામો પામ્યો આરામરે ભોજન આશ્રન શયન
અરચંન કરે શ્યામ,
દીન ચોથે પ્રાતકાળે ચાલ્યા બ્રહ્મનરે એ મીત્ર. ૨૫

વળ્યા પાછા વળાવી નહી કાંઇ આપ્યું દીનાનાથરે લાજ પામી,
માગ્યુ નહી કરે વીચાર દીલ શાથ
હેનુ નામ બ્રહ્માંદેવ સ્વાગત કરી નીજ હાથેરે હું રંક દલીદ્રીએ
માન્ય આગળ કીચીત અનાથ
એ લક્ષ્મીપતી સૌ શમૃધી એના આશંનરે એ મીત્ર. ૨૬

જેને વૃક્ષસ્થલ રમા ભેટયા છે ભુજ ભરીરે પર અંક પ્રીયાનો
બેશાડયા આદર કરી,
હોય શહોદર એમ મારી સ્વાગત કીધી હરીરે પટરાણી
રૂક્મણી વીંજન કીધુ કર ધરી,
મુજ ચરણ શેવા નીજ હસ્તે કીધું પક્ષાલનરે; એ મીત્ર. ૨૭

શેવે ચરણ વીધી આદે શુર શોડ શેશ શંકરરે જે દેવના
દેવને મુને પુજ્યા દીલભર,
કરૂણા સીંધુ ભગતવત્શળ વીશ્વંભરરે એથી મળે ભોગ ત્રી લોકના
ભોગ શત્વર;
મુકતી શદા અનુકુળ રહી છે હરી ચરણરે એ મીત્ર. ૨૮

શું શુકીને શેવા મુજ હરી કીધીરે હું ફર્યો પાછો પણ શંપત્તી
કાંઇ નહી દીધી

નહી આપ્યું તે કર્યું ઠીક એ દયા નીધીરે થાય મદ લક્ષ્મીથી
વાત વીચારી લીધી;
ચહડે મદથી નહી થાય હરી સ્મર્ણરે. એ મીત્ર. ૨૯
થયો નીષ્ફળ લાગે આવ્યો સુદામો ઘેરરે ઘર જુવે પોતાનુ
ઝળકે સુર્યની પેર,
માહારી કયાં ગઇ ઝુંપડી ભુવન મોટુ આડેરરે રત્નમણીમય
શોભા રહુ ચોમેર;
બાગ બગીચા ભલા વનને ઉપવનરે. એ મીત્ર. ૩૦
ફુલ્યા ફુળ કમલના પક્ષી કરે કલોલરે હું ભુલો પડયો કરે નીજ
મંદીરની ખોલ,
દીઠા પતનીએ આવ્યો સ્વામી મારા કહ્યા બોલરે દીઠી શુદામે નારી
દીશે ઝાકમઝોળ;
થયા વીસ્મે શુદામો શતીયે કીધું પુજનરે. એ મીત્ર હરી. ૩૧
શતી કહે સ્વામી થયા પ્રશન દેવ મોરારીરે; દીધી શંપ-તી હરીયે
શાચી ભગતી તમારી
દાશ દાશી હજુરમાં રહે છે આગનાકારીરે ભુવનમા કનક મણી
મય રચના ભારી;
વશી ભંડારે લક્ષ્મી ભગતીના પ્રતાપ પુનરે. એ મીત્ર. ૩૨
દીઠી શુદામે નારી દીશે ઇદ્રાણી સ્વરૂપરે મેહેલ મંદરીમા જાણે
વસે સ્વર્ગનો ભુપ,
મલ્યા અન્યો અન્ય દુર થયું અંગ કદ્રુપરે થઇ કાંતી અલોકીક
વઇભવ હેવો કોઇ નૃપ;
નવરંગ મંડપ દીશે કરવા શયનરે. એ મીત્ર. ૩૩

જોઇ મંદીર માળીઆ વીચાર કરે છે વલી વલીરે; શે પુન્યે મળ્યુ
તે કારણ ન શકે કળી,
દૂર ભગ દલીદ્રી દુઃખ વેઠયું સૌ મલીરે; જપ તપે ન મલે તે
મલ્યુ દુઃખ ગયું ટલી;
કરી કૃષ્ણે કરણા નહી ભુલું એનુ ચીતવંનરે. એ મીત્ર ૩૪
નથી જાચ્યા મેં જાદવરાય કયું નથી દીનરે જાણી અંતરની વાત
મીત્ર ભાગ્ય હીન,
મુસ્તી તાંદુળે કરી પ્રીતી જેમ જલને મીનરે થોડું લઇને કરી છે
મેહેર એ ભગત આધીન;
મેઘ શરખો મીત્ર માહારો વરસ્યો મેઘ પરજનરે. એ મીત્ર. ૩૫
જન્મો જન્મ હરી ભગતી ભાવ મુને હજોરે હરીજનની શાથે હેત
અધાએ થજો,
પાલું ગ્રહઆશ્રમ વીન આશક્ત એ આપજોરે ગાંડો ઘેલો પણ
દાશ પોતાનો થાપજો;
નવ ચડે મદધનનો ચડશે તો લાગશે લંછનરે. એ મીત્ર. ૩૬
નીત્ય કરે શુદામો ભકતી એક ચીતથીરે, કરી મેહેર હરીયે સંતો-
ખ્યા મીત્ર વીતથી,
માને ભગતને ઘણું હરી સારી રીતથીરે, તજે પંચ વીશય જે દુર
રહે અનીતથી;
પામ્યો મોક્ષ શુદમો મીટયું આવાગવંનરે. એ મીત્ર. ૩૭
નહી જીતાય હરી થાકે ભવસાગરમાં ભટકારે, તે જીત્યા શુદામાં
ભક્તી કલેજે રહી ખટકી.

જીત્યા હરીશ્ચંદ્ર સ્ત્રી પુત્ર સત્યને રહ્યા લટકીરે. જીતી વ્રજ નારી
લોક લાજને પટકી;
હાર્યો ઈંદ્ર ધર્યો ગીરી ગોવરધનરે. એ મીત્ર. ૩૮
હાર્યા વીરંચી આપી વાછરૂ લાગ્યા પાયરે, હાર્યો નાગ કાલી ગયો
રમણીક દ્વીપ છે તાંહે,
હાર્યો દુસ્યાશન સતી ચીર ઉતારી સભા માંયરે, હાર્યો સીતાસ્વયંવરે
રાવણ ગયો લંકાએ;
પ્રાશી ભાજી વીદુરની હારયો દુરીયોધનરે. એ મીત્ર. ૩૯
નીજ હસ્ત બાળ્યો પુત્ર કુંતાનો કરણરે, મહીમા મોટો હરીનો
નીત કરજો સ્મરણ;
પામે પ્રભુ પદને મટે જનમ મરણરે, ચરીત્ર શુદામાનું ગાય રૂડી
ધરણ.
હરકીશનદાસે કીધું છંદનું બંધારણરે. એ મીત્ર ૪૦

ભાગ ૧લો પુરણ.

